# પાર્સલ અને લગેજ ચાર્જ

ગુજરાત એસ.ટી. નિગમ દ્વારા મુસાફરોની સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે. આ ઉપરાંત તે મુસાફરો સાથેના મા–સમાનનું તેમજ મુસાફર વિનાના માલ સમાનનું (બિન સાથી લગેજ) અને જુદી જુદી ચીજ વસ્તુઓના પાર્સલોનું પરિવહન પણ મોટા પાયા પર કરે છે આથી આ અંગે કન્ડકટર પાસે જાણકારી હોવી જરૂરી છે.

## પાર્સલ યોજનાઃ–

કાચા તેમજ તૈયાર માલની ઝડપી અને વ્યાજબી દરે સલામતીપૂર્વક રાજયના એક સ્થળેથી હેરફેર એસ.ટી. બસો દવારા કરવામાં આવે છે. આ માટે પાર્સલ યોજના છે. જેમાં પાર્સલ માટે નૂર, સરચાર્જ , હેન્ડલીંગ ફી, ડેમરેજ વગેરે ની વસુલતા ના દર, પાર્સલ પેકિંગના નિયમો,પ્રતિબંધીત ચીજ વસ્તુઓ વગેરેના નિયમો રજુ કરવામાં આવ્યા છે.

એસ. ટી. બસોના છાપરા પરની ફાજલ જગ્યા પર પાર્સલો ગોઠવી તેનું વહન કરવામાં આવે છે.તો પાર્સલોના બુકીગના અને ડીલવરી માટે એસ.ટી. ની પાર્સલ કચેરીઓ, એજન્ટો વગેરે કાર્યરત રહે છે. સમગ્ર યોજનાનું સંચાલન એસ.ટી. નિગમની પરિવહન (ટાફિક) શાખા દવારા કરવામાં આવે છે.

નિગમની આ પાર્સલ યોજનામાં ફરજ પરના કન્ડકટરે પોતાના રૂટની બસમાં પાર્સલોનું વહન કરવાની, તેને સલામતિપૂર્વક એક સ્થળથી બીજા સ્થળે પહોચાડવાની કામગીરી બજાવવાની હોય છે. (હાલ આ કામગીરી માટે ખાનગી પાર્ટીને કોન્ટ્રાકટ અપાયેલો છે.)

**GSRTC CONDUCTOR ના મટીરીઅલ્સ અને મોડેલ પેપર માટે તમારા WATSAPP GROPS માં 9726905874 નંબર ADD કરો. વધુ મહીતી માટે www.akparmar.com ની મુલાકાત લો.....**

A.K.PARMAR

# પાર્સલ અંગે સામાન્ય શરતોઃ–

(૧) જયાં પાર્સલ મોકલવાનું હોય તે ગામ કે શહેરમાં એસ.ટી. પાર્સલ કચેરી યા એજન્ટ હોવો જોઈએ તોજ પાર્સલ લઈ જવાનું રહે છે.

(૨) વહન કરવા માટેના પાર્સલનું વધુમાં વધુ વજન ૫૫ કિ.ગ્રામ અને તેની સાઈજ ૩૦''×૨૦''×૨૦''ઘનફૂટથી વધુ ન હોવી જોઈએ.

(૩) બસના છાપરા ઉપર પાર્સલ ચડાવવા ઉતારવાની કામગીરી પેઈડ પોર્ટરે યા હમાલે કરવાની હોય છે. કન્ડકટરે આ અંગે કશી કાર્યવાહી કરવાની રહેતી નથી.

(૪) સોના ચાંદીના સિકકા, કિમતીં પથ્થર,સરકારી ચલણી નોટો, મોતી ઝવેરાત, ટિકીટો, સ્ટેમ્પ પેપર, સોનું, ચાંદી, માખણ, અતર, ચંદનનુ લાકડું, ગેસ સિલિન્ડર, તેજાબ, પ્રાણી યા પંખીના મૃત શરીર, ઝેર, સંગીત યા વિજ્ઞાના સાધનો, વગેરે કિમતી ચીજ વસ્તુઓના પાર્સલો વહન કરવામાં આવતા નથી. જે અંગે કંન્ડકટરે તકેદારી રાખવી જોઈએ.

(૫) બીન સલામત રીતે પેકીંગ કરેલા પાર્સલો સ્વીકારવામાં હઆવતા નથી. પાર્સલ પર મોકલનાર અને લેનારનું નામ– સરનામું વાંચી શકાય તે રીતે સ્પષ્ટ લખેલુ હોવુ જોઈએ. જેનો ચકાસણી બસમાં વહન માટે પાર્સલનો સ્વીકાર કરતી વખતે કરવો જોઈએ.

A.K.PARMAR

**GSRTC CONDUCTOR ના મટીરીઅલ્સ અને મોડેલ પેપર માટે તમારા WATSAPP GROPS માં 9726905874 નંબર ADD કરો. વધુ મહીતી માટે www.akparmar.com ની મુલાકાત લો.....**

# પાર્સલ પેકિંગના નિયમોઃ–

પાર્સલ યોજના અન્વયે દરરોજ સેંકડો ચીજ વસ્તુઓના પાર્સલની હેરફેર થાય છે.આ પાર્સલો સહી સલામત રીતે એક સ્થળેથી બીજા સ્થળે પોહચે, રસ્તામાં તેની ભાંગતુટ કે અન્ય રીતે કોઈ નુકશાન ન થાય તે માટે તેની પેકીંગની શરતો એસ.ટી. નિગમે મુકરર કરી છે. જે પૈકિ કેટલીક મહત્વની શરતો નીચે મુજબ છે.

(૧) વર્તમાન પત્રો ચીકણા અથવા જાડા કાગળ કે કંતાનની થેલીમાં પેક કરેલા હોવા જોઈએ. તેલ, ઘી, ગ્રીસ જેવા પ્રવાહી કેન અથવા ટીનમાં ભરી કંતાન યા લાકડાના બોક્ષમાં પેક કરવા જોઈએ.

(૨) ધાતુના વાસણો, મશીનરી અથવા નાના સ્પેર પાર્ટસ વગેરે ચારેય બાજુ થી બંધ એવી પેટીમાં પેક કરેલા હોવા જોઈએ.

(૩) ઈંડા, શાકભાજી ટોપલીમાં, તાજી માછલી, બરફ વગેરે ટીનમાં પેંક કરેલા હોવા જોઈએ. દૂધના હાંડા યા કેનનું મોઢું દૂધ છલકાય નહિ તે રીતે પેક કરેલુ હોવુ જોઈએ તથા સૂકી માછલી દુર્ગંધ ન મારે તે રીતે પેટીમાં પેક કરેલી હોવી જોઈએ.

(૪) કિંમતી સાડીઓ અને દાગીના, ધાતુ કે લાકડાની પેટીમાં જયારે તમાકું મરઘા બતકા બાસ્કેટમાં પેક કરેલા હોવા જોઈએ. બસ પર લઈ જઈ શકાય તેવી હાર્ડવેર અને બીજી બાંધકામને લગતી સામગ્રી ગુણીમાં પેક કરેલ હોવી જોઈએ.

(૫) ફિલ્મ રોલ, સરકુલર ટાઈપ લીડ વગેરે ટીન કેસમાં પેક કરી તેને જાડા લોખંડના બોક્ષમાં મુકી બોક્ષ ઉપર 'સિનેમા ફિલ્મ' અને ' હેન્ડલ વીથ કેર' એવુ માટા અક્ષરોમાં લખેલુ હોવુ જોઈએ.

(૬) કોટન પ્રેસ્ડ કપાસની ગાંસડીઓ અથવા જીનેડ કોટન અંદરની બાજુએ ડામરના કપડાથી ટાઈટ કરેલી ગુણી થી પેક કરેલી હોવી જોઈએ. સુતરાઉ, ગરમ, બીજા ટુકડા વાળા દાગીનાઓ પણ આ રીતે ગુણીની થેલીમાં પેક બરેલ હોવા જોઈએ. ચોમાસા દરમ્યાન ઉપરોકત દાગીનાનું પેકિંગ વોટર પ્રુફ હોવુ જોઈએ.

**GSRTC CONDUCTOR ના મટીરીઅલ્સ અને મોડેલ પેપર માટે તમારા WATSAPP GROPS માં 9726905874 નંબર ADD કરો. વધુ મહીતી માટે www.akparmar.com ની મુલાકાત લો.....**

# કન્ડકટર પાર્સલ સમરી :–

પાર્સલની હેરફેર જે તે રૂટની બસના ફરજ પરના કન્ડકટર હસ્તક થાય છે. આ માટે નિયત દરેપાર્સલ ભથ્થુ પણ ચુકવાય છે. પાર્સલની હેરફેર માટે કન્ડકટરની જવાબદારીઓનું સંચાલન કરતું પત્રક એટલે 'કન્ડકટર પાર્સલ સમરી' ( T-23 CPS) આ પ્રત્રકમાં આ પ્રમાણેની વિગતો હોય છે. ૧) તારીખ, ૨)બસ સ્ટેશન, ૩) કન્ડકટરનુ નામ અને બેજ નંબર, ૪) બસ ઉપડવાનો સમય,૫)પાર્સલ રસીદ નંબર, ૬) કયાં થી કયાં સુધી, ૭) પેકેટની સંખ્યા ,૮) વસ્તુંનુ નામ વજન (કિ.ગ્રા),૯) સ્વીકારનારની સહી.

T-23 પત્રક પાર્સલ કચેરીના ટ્રાફીક કન્ટ્રોલર દવારા ત્રણ નકલમાં તૈયાર કરવામાં આવે છે. બે નકલ કન્ડકટરને અપવામાં આવે છે જે પૈકી એક નકલ સામે છેડે પાર્સલો સ્વીકાર કરનારને પાર્સલ સુપત કરતી વખતે આપે છે. કન્ડકટરે પોતાની નકલ ફરજ પૂર્ણ થયા બાદ ડેપો ખાતેના ટી.ટુ–એ બનાવતા ટી.સી. ને આપવાની રહે છે. જેના પરથી પાર્સલ એલાઉન્સની ગણતરી કરવામાં આવે છે.

A.K.PARMAR

GSRTC CONDUCTOR ના મટીરીઅલ્સ અને મોડેલ પેપર માટે તમારા WATSAPP GROPS માં 9726905874 નંબર ADD કરો. વધુ મહીતી માટે www.akparmar.com ની મુલાકાત લો.....

# લગેજ ચાર્જ:–

પ્રવાસ દરિમયાન મુસાફર પોતાની સાથે સર–સામાન (લગેજ) લઈ જતા હોય છે તેના પર નિગમ દવારા નીચે મુજબ લગેજ ચાર્જ વસુલ કરવામાં આવે છે.

(૧) પ્રત્યેક પુખ્ત વયના મુસાફરો દીઠ ૨૫ કિ.ગ્રા. તથા પ્રત્યેક બાળક મુસાફરો દીઠ ૧૨.૫૦૦ કિ.ગ્રા વજન વિના મુલ્યે લઈ જઈ શકાય છે.

(૨)લગેજ ચાર્જ ઓછામાં ઓછો ૨૦ કિ.ગ્રા નો ગણવાનો રહે છે એટલે કે વધારાનું (ચાર્જબલ) ૧ કિ.ગ્રા. વજન હોય તો પણ લગેજ ચાર્જ ગણવા માટે તેને ૨૦ કિ.ગ્રા. લેખે ગણવાના રહે છે. આ રીતે ૨૦ કિ.ગ્રાના ૦.૩૦ પૈસા, ૪૦ કિ.ગ્રા.ના ૦.૬૦ પૈસા, ૬૦ કિ.ગ્રા.ના ૦.૯૦ પૈસા, ૮૦કિ.ગ્રા.ના રૂા ૧.૨૦ પૈસા તથા ૧૦૦ કિ.ગ્રા.ના રૂા ૧.૫૦ પૈસાનો દર એક સ્ટેજ કે તેના ભાગ માટે ગણવાનો રહે છે.

(૩) ટિકિટ દીઠ મફત લઈ જવાના લગેજના વજન ઉપરાંત વધારાનુ

જે લગેજ હોય તે માટે સ્ટેજ દીઠ ૨૦ કિ.ગ્રા.કે તેના ભાગ માટે ૦.૩૦ પૈસા લેખે લગેજ ચાર્જ વસુલ કરવાનો રહે છે.

(૪) બિલાડી, કુરકુરીયા તેમજ પાજરામાં લઈ જઈ શકાય તેવા નાના પ્રાણીઓ અને પક્ષીઓ માટે મુસાફરની અર્ધી ટિકિટ જેટલો ચાર્જ લેવમાં આવે છે. મરઘા બતકા જો નાની થેલીમાં લઈ જવા માં આવે અને જો તેની સંખ્યા બે સુધીની હોય તો મફત લગેજ તરીકે લઈ જવા દેવામાં આવે છે.

(૫) પ્રાણીઓ કે પક્ષીઓ માટે જો આખી સીટ રોકવામાં આવે તો આખી ટિકિટનો ચાર્જ વસુલ કરવામાં આવે છે.

(૬) ઈલેકટ્રીક રેડીયો, ટાઈપરાઈટર, ટેલીફોન, ટી.વી.જો સીટ પર મુકવામાં આવે તો આખી ટિકિટનો ચાર્જ વસુલ કરવામાં આવે છે.

(૭) ૨ાા'×૨ાા'×૩' ની સાઈજનું કોઈપણ ફર્નિચર કે પાર્સલ હોયતો તેનું વજન ૪૦ કિ.ગ્રા. ગણી ચાર્જ વસુલ કરવામાં આવે છે. આનાથી મોટા કદનું પાર્સલ કે મલ સામાન લગેજ તરીકે વહન કરી શકાય નહિ.

(૮) દૈનિક અખબારો, અઠવાડીક, પખવાડીક, ત્રિ–સાપ્તાહિક મેગેજીન, દુધના કેન, શાકભાજી, ફઈ–ફૂલ તથા ટીફીન જેવા લગેજ માસિક પરમીટ પર બીન–સાથી લગેજ તરીકે વહન કરવામાં આવે છે. આવુ લગેજ સોપવા પાર્ટી આવે ત્યારે ફરજ પરના કન્ડકટરે પાર્ટી પાસેથી પરમીટ માગી ચકાસી લેવાની રહે છે.

GSRTC CONDUCTOR ના મટીરીઅલ્સ અને મોડેલ પેપર માટે તમારા WATSAPP GROPS માં 9726905874 નંબર ADD કરો. વધુ મહીતી માટે www.akparmar.com ની મુલાકાત લો.....

A.K.PARMAR

## રીર્ટન મુસાફરીમાં રાહતઃ–

રીર્ટન જર્ની (પરત મુસાફરી) પણ એસ. ટી.બસ મારફત કરવા ઈચ્છનાર મુસાફર એડવાન્સ રીર્ટન ટ્રાવેલીંગ માટેની ટીકીટ બુક કરાવે તો તેને જતા તથા આવતા એમ બંને તરફની મુસાફરીના ભાડામાં ૧૦ ટકા કન્સેશન આપવામાં આવે છે. આવી રીર્ટન મુસાફરી સાત દિવસમાં કરવાની હોય છે.

**GSRTC CONDUCTOR** ના મટીરીઅલ્સ અને મોડેલ પેપર માટે તમારા **WATSAPP GROPS** માં 9726905874 નંબર **ADD** કરો. વધુ મહીતી માટે www.akparmar.com ની મુલાકાત લો.....

A.K.PARMAR